# નિવિદા નં. ૪ સને ૨૦૨૦-૨૧

રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે **(૧) વેટરનરી હોસ્ટેલ-બી(ઇલે.-ફીટીંગ સાથે), (૨) બાગાયત મહાવિદ્યાલયની બાજુમાં આવેલ સર્વિસ સેન્ટરની દુકાન નં. ૧૧, ૧૨ અને ૧૩(હાલમાં જે હાલતમાં છે તે જ હાલતમાં)** તોડવાની તેમજ સદર હોસ્ટેલ/દુકાનો તોડવાથી નીકળતો તમામ માલસામાન કોન્ટ્રાક્ટર પોતે લઇ જઇ સાઇટ ક્લીયર કરી જમીન લેવલ કરવા સાથેની કામગીરી માટેના ભાવો (બન્ને કામોના અલગ-અલગ) પોતાના લેટરપેડ ઉપર મહોરબંધ(સીલબંધ)રજી.પોસ્ટ એ.ડી/સ્પીડ પોસ્ટથી કાર્યપાલક ઇજનેરશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ-૩૮૮૧૧૦(ફોન/ફેક્સ: ૯૧-૨૬૯૨-૨૬૩૯૭૨) ખાતે મોડામાં મોડા **તા.૧૩/૦૭/૨૦૨૦ના** ૧૬.૦૦ કલાક સુધી મોકલી આપવાની શરતે મંગાવવામાં આવે છે. ભાવો ભરતી વખતે **બાનાની રકમ પેટે (૧) વેટરનરી હોસ્ટેલ-બીના રૂા. ૧.૦૦ લાખ, (૨) સર્વિસ સેન્ટરની દુકાન નં. ૧૧, ૧૨ અને ૧૩ના રૂા.૧૫,૦૦૦/-નો બંન્ને કામનો અલગ-અલગ ડી.ડી./એફ.ડી.આર./રોકડ "એ.એ.યુ. ફંડ એકાઉન્ટ" આણંદના** નામનો રજુ કરવાનો રહેશે. ભાવપત્રક પર **"આણંદ ખાતે વેટરનરી હોસ્ટેલ-બી/સર્વિસ સેન્ટરની દુકાન નં. ૧૧, ૧૨ અને ૧૩ તોડવાનાં ભાવ"** એવુ દર્શાવવાનું રહેશે. અન્યથા ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહીં. શક્ય હશે તો તા.**૧૩/૦૭/૨૦૨૦ના** ૧૭.૦૦ કલાકે ટેન્ડર ખોલવામાં આવશે. આવેલ ભાવપત્રક સ્વીકારવા કે કોઇ કારણ દર્શાવ્યા વિના અસ્વીકાર કરવાનો યુનિવર્સિટીને અબાધિત હક્ક રહેશે. મકાન તોડવાની બધીજ કામગીરી એજન્સીએ પોતાની જવાબદારીથી હોસ્ટેલ માટે ૯૦ દિવસ તથા દુકાનો માટે ૩૦ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે. સમયમર્યાદા પછી કોઇ જાતનો માલસામાન ઉઠાવવા દેવામાં આવશે નહીં અને બાનાની રકમ પરત કરવામાં આવશે નહીં. તોડવાની કામગીરી દરમ્યાન નજીકના અન્ય સ્ટ્રક્ચરને નુકશાન ન થાય તે જોવાનું રહેશે. અન્ય સ્ટ્રકચરને નુકશાન થશે તો તેની સઘળી જવાબદારી એજન્સીની રહેશે તથા કાર્યપાલક ઇજનેરશ્રી નકકી કરે તેટલી નુકશાનીની રકમ વસુલ કરવાની રહેશે. ટેન્ડરની તમામ વિગતો www.aau.in પરથી જોઇ/વાંચી શકાશે.(હોસ્ટેલ/દુકાનો જોવા માટે કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ફોન નં.૦૨૬૯૨-૨૬૩૯૭૨ કચેરી સમય **દરમ્યાન સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ તથા બપોરે-૨.૦૦ થી ૫.૦૦ દરમ્યાન સંપર્ક સાધવાનો રહેશે.)**